તાઇવાનમાં ૭ની તીવ્રતાનો ભૂકંપ

તાઈપેઈ, તા. ૨૭: તાઈવાનમાં ૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. જો કે જાનહાનિ કે નુકસાનના કોઈ અહેવાલ નથી.

પેજ 3

સલમાન ખાન ૬૦ વર્ષનો થયો

પોતાના પનવેલના ફાર્મ હાઉસની બહાર પાપારાઝી ફોટોગ્રાફરો સાથે કેક કાપી

બર્થ ડે ઉજવણીમાં બોલિવુડના અનેક સ્ટારો હાજર

મુંબઈ, તા. 27: બોલીવુડ સુપરસ્ટાર સલમાન ખાને 27 ફેબ્રુઆરીએ પોતાનો 60મો જન્મદિવસ તેના પનવેલ ફાર્મહાઉસમાં પરિવારના સભ્યો અને નજીકના મિત્રો સાથે ભવ્ય ઉજવણી કરી હતી. સલમાન ખાનના ઉજવણીના ઘણા આંતરિક વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. એક વીડિયોમાં સલમાનની કહેવાતી ગર્લફ્રેન્ડ યુલિયા વંતુર, તેના માતાપિતા સાથેની મીઠી ક્ષણ શેર કરતી વખતે તેને રેકોર્ડ કરતી જોવા મળે છે. તેણે પોતાના પનવેલ ખાતેના ફાર્મ હાઉસની બહાર પાપારાઝી ફોટોગ્રાફરો સાથે મળીને કેક કાપીને અનોખી ઉજવણી કરી હતી. વીડિયોમાં સલમાન તેના પિતા સલીમ ખાન સાથે હાથ મિલાવતો જોવા મળે છે, જ્યારે તેનો ભાઈ સોહેલ ખાન તેમના માતાપિતાને કેક કાપવા માટે નજીક આવવા કહે છે. બીજી ક્લિપમાં સલમાન બધાને 'હેપ્પી બર્થડે' ગાતા સાંભળીને હસતો જોઈ શકાય છે. સાંજ માટે સલમાન કેઝ્યુઅલ લુકમાં ગયો હતો, તેમણે બ્લૂ ડેનિમ જીન્સ સાથે બ્લેક ટી-શર્ટ પહેર્યા હતા. બોલિવુડના અનેક સ્ટારો તેના જન્મદિનની ઉજવણીમાં સામેલ થયા હતા.

'દૃશ્યમ 3'માં અક્ષય ખન્નાનું સ્થાન જયદીપ અહલાવત લેશે

અક્ષય ખન્નાએ ફિલ્મમાં જોડાવાની ના પાડતા તેને કરાર ભંગની નોટિસ

મુંબઈ, તા. 27 (પીટીઆઈ):ફિલ્મ-નિર્માતા કુમાર મંગત પાઠકે શનિવારે જણાવ્યું હતું કે, તેમણે આગામી ફિલ્મ 'દૃશ્યમ 3' માટે કરાર ભંગ બદલ અક્ષય ખન્નાને કાનૂની નોટિસ ફટકારી છે. કારણ કે, અભિનેતાએ ટેક્સ્ટ મેસેજ દ્વારા ફિલ્મનો ભાગ બનવાનો ઇનકાર કર્યો હતો. મંગત પાઠકે જણાવ્યું હતું કે, તેઓએ ગયા મહિને 'દૃશ્યમ 3' માટે ખન્ના સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા અને અભિનેતાને એડવાન્સ પેમેન્ટ પણ આપવામાં આવ્યું હતું. પાઠકે વધુમાં ઉમેર્યું હતું કે, તેઓએ શુક્રવારે જયદીપ અહલાવતને સાઇન કરવાનો નિર્ણય લીધો હતો. કારણ કે, તેમનું શૂટિંગ પ્રભાવિત થઈ રહ્યું હતું. અભિષેક પાઠક દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત આ ફિલ્મ સ્ટાર સ્ટુડિયો18 દ્વારા પ્રસ્તુત છે. તેનું નિર્માણ આલોક જૈન, અજિત અંધારે, કુમાર મંગત પાઠક અને અભિષેક દ્વારા કરવામાં આવ્યું છે.

ઉત્તર ભારતમાં નવા વર્ષનો આરંભ ગાઢ ધુમ્મસ વચ્ચે થશે

નવી દિલ્હી, તા. 27: ભારત હવામાન કેન્દ્ર (આઈએમડી)એ આગામી શનિવાર, 27 ડિસેમ્બર માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું હતું. જ્યારે કે ઉત્તર, પૂર્વ અને મધ્ય ભારતના મોટા ભાગના પ્રદેશોમાં તીવ્ર શીત લહેર અને ગાઢ ધુમ્મસ છવાઈ ગયું છે.

ખરાબ હવામાનને કારણે દિલ્હીના ઘણા જિલ્લાઓમાં શાળાઓ બંધ કરવામાં આવી છે. નવા વર્ષનો આરંભ પણ ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસ વચ્ચે જ થાય તેવા સંકેતો છે.

ગાઢ વાદળો તેમજ બર્ફીલા પવનોને કારણે, ખાસ કરીને પૂર્વીય મેદાનો પર હાજા ગગડાવતી ઠંડીની સ્થિતિ વધુ ખરાબ થઈ છે, જેના કારણે રહેવાસીઓ 2025ના વર્ષનો સખત ઠંડી સાથે અંત આવે તે માટે તૈયાર થઈ રહ્યા છે.

પૂર્વ ઉત્તર પ્રદેશ અને બિહારના વિસ્તારોમાં ઓછા સૂર્યપ્રકાશને કારણે હાજા ગગડાવતી ઠંડીની સ્થિતિ જોવા મળી રહી છે; તેથી, દિવસ દરમિયાન પણ તાપમાન સામાન્ય સ્તરથી ઘણું નીચે હતું.

ઓરેન્જ એલર્ટ એટલે કે તૈયાર રહોનું આ આ એલર્ટ પંજાબ, હરિયાણા, ચંદીગઢ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને ઝારખંડ માટે આ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

યલો એલર્ટ ઓડીશા સહિતના રાજ્યો માટે અપાયું છે.

ઓડિશા, પશ્ચિમ બંગાળ અને ઉત્તરપૂર્વ ભારતમાં ગાઢ ધુમ્મસની સ્થિતિ દૃશ્યતાને અસર કરતી હોવાથી ચેતવણી આપવામાં આવી છે.



રશિયાએ કિવ પર મિસાઇલો અને ડ્રોનથી હુમલો કર્યો, 1નું મોત

યુક્રેન-અમેરિકા વચ્ચે વાટાઘાટો યોજાય તેના એક દિવસ પહેલા હુમલો કર્યો, અનેકને ઇજા

રવિવારે ઝેલેન્સ્કી અને ટ્રમ્પ વચ્ચે મંત્રણા છે

કિવ, તા. 27 (એપી): યુક્રેન અને અમેરિકા વચ્ચેની વાટાઘાટોના એક દિવસ પહેલાં રશિયાએ શનિવારે વહેલી સવારે યુક્રેનની રાજધાની પર મિસાઇલો અને ડ્રોનથી હુમલો કર્યો હતો, જેમાં એક વ્યક્તિનું મોત થયું અને 20થી વધુ લોકો ઘાયલ થયા હતા. રાજધાનીમાં કલાકો સુધી વિસ્ફોટોનો અવાજ સંભળાતો રહ્યો હતો. કારણ કે, બેલિસ્ટિક મિસાઇલો અને ડ્રોનથી શહેરને નિશાન બનાવવામાં આવ્યું હતું. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કી લગભગ 4 વર્ષથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસમાં રવિવારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વધુ વાટાઘાટો માટે મળવાની તૈયારી કરી રહ્યા છે. ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે, તેઓ ડોનેટસ્ક અને ઝાપોરિઝ્ઝિયા પ્રદેશોમાં સુરક્ષા ગેરંટી અને પ્રાદેશિક મુદ્દાઓ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવાની યોજના ધરાવે છે. ઝેલેન્સ્કીએ ટેલિગ્રામ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, રશિયાએ લગભગ 500 ડ્રોન અને વિવિધ પ્રકારના 40 મિસાઇલોથી યુક્રેનને નિશાન બનાવ્યું હતું.

ઝેલેન્સ્કીએ કહ્યું, ''આજકાલ ઘણા પ્રશ્નો પૂછવામાં આવી રહ્યા છે. યુનાઇટેડ સ્ટેટ્સ અને વિશ્વ દ્વારા યુદ્ધને સમાપ્ત કરવાના પ્રસ્તાવો પર રશિયાનો પ્રતિભાવ ક્યાં છે?''

ઝેલેન્સ્કીએ ઉમેર્યું હતું કે,''રશિયન પ્રતિનિધિઓ લાંબી વાતચીત કરે છે; વાસ્તવમાં, કિન્ઝાલ અને શાહેદ ડ્રોન તેમના વતી બોલે છે.''

ટેલિગ્રામ પર એક પોસ્ટમાં ગૃહમંત્રી ઇહોર ક્લીમેન્કોએ જણાવ્યું હતું કે, ''હુમલામાં 10 થી વધુ રહેણાક ઇમારતો ક્ષતિગ્રસ્ત થઈ હતી. ધરાશાયી થયેલી ઇમારતોના કાટમાળ નીચેથી લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા હતા. એક ક્ષતિગ્રસ્ત ઇમારતના કાટમાળ નીચેથી એક મૃતદેહ મળી આવ્યો હતો.''

ADMISSIONS OPEN
For ACADEMIC SESSION: 2026-27
ENGLISH MEDIUM
Apply Online on www.prkinternational.org or visit the School Campus between 8:00 am to 2:00 pm
Attractive Fee Structure
Pre-Primary Section : Nur., Jr.K.G. & Sr.K.G.
Nursery - 3 Yrs. Completed on 31-05-2026 or before
Jr.K.G. - 4 Yrs. Completed on 31-05-2026 or before
Sr.K.G. - 5 Yrs. Completed on 31-05-2026 or before
25 Years of Legacy in Quality Education
PRIMARY SECTION (CBSE ONLY) : STD. 1 TO 6
Our Salient Features :
Admission Forms Available
• Trained and Experienced Teaching Staff.
• Air-conditioned Classrooms. • Nutritious-Curated Brunch.
• Modern Teaching Methods – Smartboard-enabled Classrooms for E-learning.
• Knowledge World Include STEM Lab, Puzzle World, Cognitive and Sensory Development World and Divine and Spiritual World.
• The School is Designed With An Open Layout, Featuring A Large Playground, Sports Complex for Indoor Games and a Special Focus on all Sports.
• Offers Special Training In: Karate, Skating, Music & Dance
P. R. K. INTERNATIONAL SCHOOL
(CBSE CURRICULUM)
Beside Rundhnath Mahadev Temple, Behind AUDI Show Room, Near V. R. Mall, Dumas Road, Surat - 395007
Contact : 95377 55118 / 95377 55119